બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૨

(સમય : બપોરે ૨ થી ૪.૧૫) (રવિવાર, ૧ માર્ચ, ૨૦૦૯)

**(વિભાગ - ૧ : કિશોર સત્સંગ પરિચય, નવમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૦૬)**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

☞ **નોંધ : - કોણ કહે છે ૧ ગુણ , કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ શેષજી - વશિષ્ઠ અને વિશ્વામિત્ર ઋષિને (૧૪/૩૮)

➪ વિશ્વામિત્ર ઋષિએ સાઠ હજાર વર્ષનું તપ મૂક્યું તો શેષજીના માથેથી પૃથ્વી ઊંચી થઈ નહિ. વશિષ્ઠ મુનિએ લવ સત્સંગનું ફળ મૂકી સંકલ્પ કર્યો ને પૃથ્વી એક હાથ ઊંચી થઈ ત્યારે શેષજી કહે છે.

૨. ➪ શ્રીજીમહારાજ - મુક્તાનંદ સ્વામીને (૨૯/૯૨)

➪ મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું ગોરધનભાઈનો વેપાર બહુ બગડી ગયો છે ને 'બધું હસ્તે સ્વામિનારાયણ' કરી આપે છે. તેમાં આપણી આબરું જશે' ત્યારે.

૩. ➪ બંને ભાઈઓ - આઈને (૨૨/૭૦)

➪ મામાના સાધુનું વેર લેવા માથાં હોમી દેવા તૈયાર થયેલા દીકરાઓએ આઈને (માતાને) ગઢડાને કેડે મોકલતાં છેલ્લાં જય સ્વામિનારાયણ કહેતાં કહે છે.

**પ્ર. ૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. વર્ણાશ્રમના ધર્મથી મોક્ષ થતો નથી. (૨૭/૮૫)

જ. વર્ણાશ્રમના ધર્મો પ્રમાણે ચાલવાથી આ લોકમાં સુખ, વૈભવ, કીર્તિ, યશ અને મૃત્યુ પછી દેવલોકની પ્રાપ્તિ થાય છે. જન્મ-મરણના ફેરા મટતા નથી. પુણ્ય ખૂટતાં દેવલોકમાંથી પાછું આવવું પડે છે.

૨. ગલુજીએ પોતાની માતાના મૃતદેહને માળિયા પર ચડાવી દીધો. (૩/૮)

જ. શ્રીજીમહારાજ ડડુસર પધારવાના હતા ત્યારે માતુશ્રી દેહ મૂકી ગયાં ત્યારે ગલુજીએ ભાઈઓને કહ્યું માની દેહક્રિયા કરવા રહીશું તો મહારાજ ચાલ્યા જશે. માટે માના દેહને માળિયે મૂકી દઈએ.

**પ્ર.૩ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ <u>સાત</u> સાચાં વાક્યોને શોધી <u>ફક્ત નંબર</u> લખો. (કુલ ગુણ : ૭)**

☞ **નોંધ : - જવાબમાં આપેલાં અંક કોઈપણ રીતે લખેલા હોય તો પણ સંપૂર્ણ સાચું આપવું.**

**વિષય :- મોટા રામબાઈ (૯/૧૯) ફક્ત નંબર :- ૧, ૩, ૪, ૫, ૭, ૮, ૯**

**પ્ર.૪ નીચે આપેલાં પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. જે મિત્ર હોય તે હિતનું વચન દુઃખ લગાડીને કહે તો પણ ખોટું ન લગાડે તે જ સાચો મિત્ર. (૭/૧૫)

૨. સ્વામીની વાતોમાં બહારનો કુસંગ, અંતરનો કુસંગ અને સત્સંગનો કુસંગ છે. (૧૪/૪૧)

૩. સત્પુરુષના મુખ થકી જ શાસ્ત્રનું શ્રવણ કરવું તો જ સાચી વાત સમજાય. (૧/૨)

૪. હિમરાજ શાહને ગોપાળાનંદ સ્વામીએ વર્તમાન ધરાવ્યાં. (૧૬/૪૫)

૫. શ્રીજીમહારાજના કહેવા મુજબ પરમચૈતન્યાનંદ સ્વામી સત્સંગની બહાર હોવા છતાં સત્સંગમાં હતા. (૨૩/૭૨)

**પ્ર.૫ માંગ્યા મુજબ વર્ણન કરો. (કુલ ગુણ : ૬)**

☞ **નોંધ :- સ્વામીની વાત પૂરી સાચી લખી હોય તો ૧ ગુણ, નિરૂપણના ૫ ગુણ.**

**"વિષયને માર્ગે આંધળા થવું, બહેરા થવું , લૂલા થવું એમ થવું પણ આસક્ત ન થવું." (૨૫/૮૧)**

વિષયનો માર્ગ જ દુઃખરૂપ છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પંચવિષય જીવને અનાદિ કાળથી વળગ્યા છે. એક એક વિષયમાં એક એક પ્રાણીનું મૃત્યુ થાય છે તેથી દરેક વિષય દુઃખરૂપ છે.

(૧) શબ્દ :- વાંસળી સાંભળવામાં તલ્લીન હરણનું પારધી દ્વારા મૃત્યુ.

(૨) સ્પર્શ :- હાથણીના સ્પર્શના લોભે દોડતો હાથી શિકારીએ ખોદેલા ખાડામાં.

(૩) રૂપ :- પતંગિયું દીવાના પ્રકાશમાં આકર્ષાઈ બળી મરે છે.

(૪) રસ :- માછીમારના કાંટામાં ભરાવેલા ટુકડામાં આસક્ત માછલી કાંટામાં ફસાઈને મૃત્યુ પામે છે.

(૫) ગંધ :- કમળની સુગંધમાં આસક્ત ભમરો કમળમાં બીડાઈ જાય છે. બહાર નીકળતો નથી. હાથી કમળને કચરી અંદર રહેલા ભમરાને પણ મારી નાખે છે.

આમ, આ પ્રાણીઓ ફક્ત એક જ વિષયમાં આસક્ત હોવા છતાં મૃત્યુને વરે છે. તો માણસને તો પાંચેય વિષયો વળગેલા છે. માટે જ પંચવિષયમાંથી છૂટવા આંધળા, બહેરા, લૂલા થવાથી ઈન્દ્રિયોની વૃત્તિ સંકોચાય છે અને બ્રહ્મસ્થિતિ થાય છે. તેથી પુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે. માટે આપણે આસક્ત ન થતાં ઈન્દ્રિયોની વૃત્તિને ખેંચી લેવી.

**પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કિર્તન/અષ્ટક/શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. અક્ષરધામી છો બહુનામી, સ્વતંત્ર સર્વાધાર,
કળીમળ બળ જે પ્રબળ થયો, હરિ તેના છો હરનાર....
અસુર અધર્મી મહાકુકર્મી, દેતા જનને દુઃખ,
મૂળથી તેના કુળ ઉખાડી, સંતને દીધાં સુખ... (૨/૬)

૨. ત્રિકોણ, કળશ ને ગોપદ સુંદર, ધનુષ ને મીન વ્હાલા
અર્ધચંદ્ર ને વ્યોમ સાત, છે ડાબે પગે ચિહ્ન વ્હાલા
જમણા પગના અંગૂઠાના નખમાંહી ચિહ્ન વ્હાલા
તે તો નીરખે જે કોઈ ભક્ત, પ્રીતિએ પ્રવીણ વ્હાલા (૨૦/૬૪)

૩. પવિત્ર દેહે અપવિત્ર દેહે, આ નામ નિત્ય સ્મરવું સનેહે.
જળે કરીને તનમેલ જાય, આ નામથી અંતર શુદ્ધ થાય.
જેણે મહાપાપ કર્યાં અનંત, જેણે પીડ્યા બ્રાહ્મણ ધેનુ સંત;
તે સ્વામિનારાયણ નામ લેતાં, લાજી મરે છે મુખથી કહેતા. (૬/૧૪)

૪. જેનાં સુંદર નેત્રો કરુણાથી ભર્યાં છે, શરણે આવેલાનાં દુઃખને જે દૂર કરે છે, પતિત અને અધમના ઉદ્ધાર માટે જે સદાય તત્પર રહે છે તે સહજાનંદ ગુરુને હું ભજું છું. (૧૧/૩૧)

**(વિભાગ - ૨ : પ્રાગજી ભક્ત, નવમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૦૫)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➪ સ્વામીશ્રી (ગુણાતીતાનંદ સ્વામી) - ભગતજીને (૭/૧૩)
➪ ગુણાતીતાનંદ સ્વામી મહંત હોવા છતાં મંદિરની અમુક ક્રિયાઓ જાતે કરતા. તેથી બહુ કથાવાર્તા કરી શકતા ન હોવાથી ભગતજી તેમના ભાગની ક્રિયા કરવા તૈયાર થયા ત્યારે સ્વામીશ્રી કહે છે.

૨. ➪ ભગતજી - પવિત્રાનંદ સ્વામીને (૧૭/૩૨)
➪ પવિત્રાનંદ સ્વામીએ જુવાન સંતોને મહારાજના વખતથી ચાલતી નરનારાયણ સ્વામિનારાયણ ધૂન બોલાવવાનું કહ્યું. તેઓએ માન્યું નહિ તે અપમાન અસહ્ય થઈ પડ્યું. તેથી શાંતિ પામવા ભગતજીને કથા કરવાનું કહ્યું ત્યારે.

૩. ➪ ડૉ. ઉમિયાશંકર (નાગર હરિભક્ત, ડૉ. હરિભક્ત) - બાળમુકુંદદાસજીને (૨૭/૫૦)
➪ જૂનાગઢમાં ભગતજીનું સન્માન થયું ત્યારે જૂના સંતો તથા હરિભક્તો ભગતજીને સ્વામીના પરમ કૃપાપાત્ર શિષ્ય તરીકે ઓળખતા હતા. તેથી તેઓ ભગતજીને દંડવત્ કરતા. તે જોઈ ડૉ.ઉમિયાશંકરે પૂછયું.

**પ્ર. ૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૪)**

૧. વાઘા ખાચરને શાંતિ થઈ ગઈ. (૧૨/૨૩)
વાઘા ખાચરને સ્વામીએ કહ્યું 'આ પ્રાગજી કહે છે તે ઠીક કહે છે. ત્યારે તેમણે ફરી પૂછયું 'સ્વામી, તમે પંડે અક્ષર ?' અને સ્વામીએ હા પાડી. તેથી વાઘા ખાચરને શાંતિ થઈ ગઈ અને દોષ દૂર થઈ ગયા.

૨. યજ્ઞપુરુષદાસજીએ ભગતજીને મનોમન ગુરુ કર્યાં. (૧૮/૩૩)
ભગતજીનાં દર્શન અને વાતોથી તેમનું ચિત્ત ખેંચાયું. ભગતજી સીવતા જાય ને વાતો કરતા જાય. તેથી તેમને આશ્ચર્ય થયું. ભગતજી કહે જ્ઞાનીને તો અનંત લોચન હોય. તેમની આવી બ્રહ્મસ્થિતિ જોઈને ગુરુ કર્યાં.

**પ્ર.૯. નીચે આપેલાં પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યોના સ્વરૂપમાં) લખો. (સળંગ વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

**૧. સાધુનો કસબ (૮/૧૫)**

૧. સ્વામીશ્રીની રૂચિ સમજીને ભગતજીએ ત્રણસો આંબાને ચાર-ચાર દેગડા પાણી પાયું.
૨. સ્વામીએ ભગતજીને પ્રશ્ન પૂછવાનો કહ્યો ત્યારે ભગતજીએ સ્વામીને કહ્યું મને સાધુનો કસબ શીખવાડો.
૩. માન-અપમાનમાં સમતા વર્તે, અભાવ ના આવે, પંચવિષયમાંથી વૃત્તિ પાછી વળી આત્માકારે થઈ શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડ રહે તે સાધુનો કસબ.
૪. જે આ કસબ સિદ્ધ કરે તેને અને ભગવાનને છેટું રહેતું નથી. તે ભક્ત અનંત જીવોના દોષ હરીને ભગવાનમાં જોડે એવો સમર્થ બને છે.
૫. સ્વામીના અનહદ રાજીપાથી જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આ ત્રણેય અવસ્થામાં ભગતજીને અખંડ ભજન થવા લાગ્યું.

**૨. સત્સંગમાં કુસંગ (૧૪/૨૬)**

૧. કેટલાક સંતો અને આચાર્ય ભગવત્પ્રસાદ મહારાજનો ઊના આવી સ્વામીને ઠપકો દેવાનો ઠરાવ મનમાં જ રહી ગયો.
૨. 'પ્રાગજીને દુઃખ આવશે પણ મેં એનું બખ્તર એવું ઘડ્યું છે કે એને ટોચો વાગશે નહિ.'
૩. વરતાલ સમૈયાની સભામાં અપમાન પછી સ્વામીશ્રીએ મહારાજના પુરુષોત્તમપણાની વાતો કરી.
૪. પોતાનું અપમાન કરનાર શુકમુનિના સેવક સાધુ હરિસ્વરૂપદાસજીને હાર પહેરાવ્યો. સદ્‌ગુરુઓએ માફી માગી પણ ભગતજીને વિમુખ કર્યાં.
૫. મહેળાવમાં ડુંગર ભક્તને આશીર્વાદ આપતાં કહ્યું 'આ તો સાધુ થઈ શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા પ્રવર્તાવી સંપ્રદાયની વૃદ્ધિ કરશે.'

**૩. વનવાસમાંથી મુક્તિ (૨૨/૪૦)**

૧. વરતાલમાં આચાર્ય મહારાજે સંતોને ભગવાં વસ્ત્રો પહેરવાની આજ્ઞા કરી.
૨. વિજ્ઞાનદાસજી વગેરે સંતોને ખાનદેશ અને યજ્ઞપુરુષદાસજી તથા બીજા સંતોને ગુજરાતમાં ફરવા મોકલ્યા.
૩. ખાનદેશમાં એક બાઈ હરિભક્તને ભગતજીનાં દર્શનથી ભૂત નીકળી ભગતજીનો પ્રવેશ થતાં ભગતજીની માફક ચેષ્ટા કરે ને સૌને સુખ આપે.
૪. આચાર્ય મહારાજ મહુવામાં ભગતજીનો ખૂબ આદરભાવ કરી વાતો સાંભળતા, થાળની પ્રસાદી મોકલતા, તેમના ઘેર પધરામણી પણ કરી.
૫. સંવત ૧૯૪૯માં ગઢડા લક્ષ્મીવાડીમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવમાં ભગતજીએ યજ્ઞપુરુષદાસજી, તેમના ગુરુ રંગાચાર્ય તથા હરિભક્તોને બ્રહ્મજ્ઞાનની વાતો કરી.

**પ્ર.૧૦ નીચે આપેલાં પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. હું તો બધું ભણેલો છું, આપણે તો પ્રભુ ભજવા ને ભજાવવા છે. (૧/૧)
૨. ધર્મ વિરુદ્ધની આજ્ઞા સિવાય ગુરુની દરેક આજ્ઞા અવિચારીપણે તત્કાળ પાળવી એ સાચા શિષ્યનો ધર્મ છે. (૬/૧૨)
૩. દ્રવ્ય અને સ્ત્રી જીવમાંથી કાઢતા અને ભગવાન ને સાધુ જીવમાં ઘાલતા. (૨૪/૪૫)
૪. પ્રાગજી ભક્તે સાડા ત્રણ વર્ષ સુધી નિર્દોષભાવથી સેવા કરી. (૧૦/૧૮)
૫. બેચર ભગતને દિક્ષા આપી મહાપુરુષદાસ નામ પાડ્યું. (૧૭/૩૩)
૬. જેને ભગવાનના સુખનો અનુભવ થયો હોય તેનું મન ભગવાનની મૂર્તિને મૂકીને બીજે આસક્ત થાય જ નહિ. (૨૬/૪૮)

**પ્ર.૧૧ નીચે આપેલાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ : ફક્ત ખોટું જણાવેલ હોય તો ગુણ ન આપવો. નીચે સાચો જવાબ લખેલ હોય તો જ ગુણ આપવો.**

૧. **ખોટું - ✗** (૨/૫) **જ. ગોપાળાનંદ** સ્વામીએ પ્રાગજી ભક્તને કહ્યું, પ્રાગજી! તું જૂનેગઢ જજે.
૨. **ખોટું - ✗** (૧૯/૩૫) **જ.** પેટલાદના **જમાદારને કુરાનમાં** વર્ણવેલા ચાર પ્રકારના સત્પુરુષના લક્ષણની વાત ભગતજીએ કરી.
૩. **ખરું - ✓** (૨૮/૫૫)
૪. **ખોટું - ✗** (૨૧/૩૯) **જ.** ભગતજી મહારાજ **ભાદ્રોડ** ગામમાં સંતોને ચંદન સહિત ભેટ્યા.
૫. **ખરું - ✓** (૨૫/૪૫)
૬. **ખોટું - ✗** (૧૩/૨૫) **જ.** પ્રાગજી ભક્તે **પવિત્રાનંદ સ્વામીને** કહ્યું, 'સ્વામી ! હવે તો શ્રીજીમહારાજ પણ મને વિમુખ કરવા ધારે તોય બની શકે નહિ.'

**પ્ર.૧૨ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૬)**

**નોંધ : પ્ર.૧૨/૨, પ્ર.૧૨/૪ અને ૧૨/૬ ખાલી જગ્યામાં બંને જવાબ સાચા હોય તો જ ગુણ આપવા.**

૧. અક્ષરધામની (૧૧/૨૨) ૨. સ્વરૂપનિષ્ઠા, એકાંતિક ધર્મની (૩/૬) ૩. શ્રીજીમહારાજ (૨૯/૫૯)
૪. તમારું જ્ઞાન, મારા જીવને સત્સંગી (૫/૯) ૫. મહુવે (૧૬/૩૦) ૬. ભક્તિ, વૈરાગ્ય (૨૩/૪૨)